**આંક– ૭**

**મહે. લેબર કોર્ટ અમદાવાદના એડી. ચીફ જયુડિશિયલ મેજીસ્ટ્રેટ તથા**
**ન્યાયાધીશ (એસ.ડી.) સાહેબ સમક્ષ, જિ.અમદાવાદ.**

**ફોજદારી કેસ નં.૧૩૨૭/૨૦૧૯**

**ફરિયાદી :–** **સરકારી શ્રમ અધિકારી અને**
**લઘુતમ વેતન ઈન્સ્પેકટરશ્રી, અમદાવાદ.**

**: વિરૂધ્ધ :**

**આરોપી :–**

**૧. જી.એસ.પી. ક્રોપ સાયન્સ પ્રા.લી.**
પ્લોટ નં.૫૫૧, રોડ–એ, ફેઝ–૨, જીઆઈડીસી,કઠવાડા
અમદાવાદ.

**૨. શ્રી કેનલ વી. શાહ ( ડાયરેકટર)**
૮/૦ :–જી.એસ.પી. ક્રોપ સાયન્સ પ્રા.લી. પ્લોટ નં.૫૫૧,
રોડ–એ, ફેઝ–૨, જીઆઈડીસી,કઠવાડા, અમદાવાદ.

**ગુન્હો:–લઘુતમ વેતન અધિનિયમની કલમ ૨૨(એ) મુજબ.**

**–: ચૂ કા દો :–**

**(૧)** આ કામના ફરીયાદી સરકારી શ્રમ અધિકારી, અમદાવાદ નાઓએ હાલની ફરીયાદ રજુ કરેલ, જે અત્રેની કોર્ટને એલોટ કરવામાં આવેલ છે. ઉપરોકત કેસની ફરીયાદ ફરીયાદી ધ્વારા અત્રેની કોર્ટ સમક્ષ ફોજદારી કાર્યરીતી અધિનિયમની ક.૧૯૦ (૧) (એ) મુજબ રજૂ કરતા અત્રેની કોર્ટ ધ્વારા ફોજદારી કાર્યરીતી અધિનિયમની ક.૨૦૦ (એ) વંચાણે લઈને ફોજદારી કાર્યરીતી અધિનિયમની ક.૨૦૪ મુજબ ફરિયાદમાં જણાવેલ ગુન્હાનું સંજ્ઞાન લઈને આરોપીને સમન્સ ઈસ્યુ કરવાનો હુકમ કરેલ હતો. સદરહુ ફરિયાદની હકીકત જોવામાં આવે તો, આરોપીએ લઘુતમ વેતન ધારા અન્વયેના ગુજરાત લઘુતમ વેતનના નિયમો પૈકી **નિયમ–૨૬(૨), ૨૬(એ), ૨૬(બી)(૨), ૨૬(ડી) અને ૨૧(૪)** નો ભંગ કરેલ હોઈ, જે સંદર્ભે સદરહુ કાયદાની કલમ ૨૨(એ) હેઠળ શિક્ષાપાત્ર ગુનાની ફરીયાદ કરેલ છે.

**(૨)** ત્યારબાદ હાલનો કેસ અત્રેની કોર્ટમાં તબદીલ થતા આરોપીઓને સમન્સ ઈસ્યુ કરેલ, જે સંદર્ભે આરોપીઓ વતી તેઓને ઓથોરીટી આપનાર વ્યકિત અત્રેની કોર્ટના સ્પેશ્યલ સીટીંગમાં હાજર થયેલ. જેથી તેઓને ફરિયાદ તથા તેની સાથેના કાગળોની નકલ વિના મૂલ્યે આપવામા આવેલ. ત્યારબાદ ભારતીય ફોજદારી કાર્યરીતી અધિનિયમની ક.૨૫૧ મુજબ ગુન્હાની વિગતો જણાવી ગુન્હો કબૂલ છે કે કેમ ? તેવું પૂછવામાં આવેલ જેથી તેઓએ આરોપીઓ વતી ગુન્હો કબૂલ હોવાનું જણાવેલ છે અને અલગથી ગુન્હાની કબૂલાત અંગે પુરસીસ ભારતીય ફોજદારી કાર્યરીતી અધિનિયમની ક.૨૫૨ અન્વયે રજૂ કરેલ છે.તેઓએ આરોપીઓ વતી ગુન્હાની કબૂલાત પુરસીસ રજૂ કરતાં તેઓને સમજાવવામાં આવેલ કે તેઓ ગુન્હો કબૂલ કરવા બંધાયેલા નથી અને તેઓ ગુન્હો કબૂલ કરશે તો આવી કબૂલાત તેઓ વિરૂધ્ધ પૂરાવા તરીકે ઉપયોગ લેવાશે. આમ, છતાં આરોપીઓ વતી પોતાનો ગુન્હો કબૂલ હોવાનું જણાવેલ છે જેથી તેઓની પ્લી નોંધવામાં આવેલ છે.

**(૩)** આરોપીઓએ હાલની ફરિયાદ અન્વયેનો ગુન્હો કોઈપણ જાતની લાલચ કે દબાણ વિના કબૂલ કરતા હોવાનું જણાવીને કબૂલાત પુરસીસ રજૂ કરેલ છે. વધુમાં જણાવેલ છે કે, પોતાને આ

અંગે જાણ ન હતી અને અગાઉ તેઓ કોઈ ગુન્હામાં સંડોવાયેલા નથી. ભવિષ્યમાં આવો કોઈ ગુન્હો કરશે નહિ તેની ખાતરી આપેલ છે અને પોતાને સુધરવાની તક આપવા તથા સજા કર્યા વિના છોડી મૂકવા અથવા કાયદા મુજબ ઓછામાં ઓછી સજાથી પણ ઓછી સજા કરવા અરજ કરેલ છે.

(૪) આ તબકકે **નામદાર મદ્રાસ હાઈકોર્ટ સમક્ષમાં એન.રામૈયા વિરુધ્ધ સ્ટેટ**નો ચુકાદો જોવામાં આવે તો તેમાં આરોપીઓ વતી ઓથોરીટી આધારે જે વ્યકિતને ઓથોરીટી આપેલ હોય તેઓ ગુનાની કબુલાત કરી શકે તેવું ઠરાવેલ છે. તે સંજોગોમાં આરોપીઓની ઓથોરીટી આધારે જે વ્યકિત અત્રેની કોર્ટ સમક્ષ હાજર રહીને ગુનાની કબુલાત પુરસીસ રજુ કરેલ હોય તેઓ ગુનો કબુલ કરી શકે તેમ છે. વધુમાં આરોપીઓ સામેના ગુન્હાની હકીકત તથા સજાની જોગવાઈ જોવામાં આવે તો આરોપીઓએ ગુજરાત લઘુતમ વેતનના નિયમો પૈકી **નિયમ–૨૬(૨), ૨૬(એ), ૨૬(બી)(૨), ૨૬(ડી) અને ૨૧(૪) નો** ભંગ કરીને તે કાયદાની **કલમ ૨૨(એ)** મુજબનો ગુન્હો કરેલ છે. તે સંજોગોમાં આરોપીઓ વતી ઓથોરીટી આધારે હાજર રહેનાર વ્યકિત સ્વેચ્છાએ ગુન્હો કબૂલ કરતા હોઈ તેથી તેઓને દોષિત ઠરાવવામાં આવે છે, પરંતુ આરોપીઓએ જે જોગવાઈનો ભંગ કરેલ છે તે ધ્યાને લેતા તથા ગુનો કબુલ કરનારની ઉંમર, કેસની હકીકત, કેસનું આયુષ્ય, સજાની જોગવાઈ, ગુન્હાનો પ્રકાર વિગેરે, તેમજ ખાસ સવિશેષ **નામદાર ગુજરાત હાઈકોર્ટ ધ્વારા સ્ટેટ ઓફ ગુજરાત વિરૂધ્ધ નટવર હરચંદ ઠાકોર,૨૦૦૫ (૧) જી.એલ.આર. પાન ૭૦૯** ઉપરનાં ચૂકાદામાં પ્રસ્થાપિત સિધ્ધાંત ધ્યાને લેતા તેઓને વ્યાજબી તથા ઓછો દંડ કરી સજા કરવામાં આવે અને તે રીતે ભવિષ્યમાં ગુન્હો ન થાય તે માટે એક તક આપવામાં આવે તો તે યોગ્ય અને ન્યાયી જણાય છે, જેથી હાલના કેસમાં નીચે મુજબનો હુકમ ન્યાયના વિશાળ હિતમાં કરવામાં આવે છે.

**<u>–: હુકમ ::–</u>**

(૧) આ કામના પ્રત્યેક આરોપીને ફોજદારી કાર્યરીતી અધિનિયમની ક.૨૫૫ મુજબ ગુજરાત લઘુતમ વેતનના નિયમો પૈકી **નિયમ–૨૬(૨), ૨૬(એ), ૨૬(બી)(૨), ૨૬(ડી) અને ૨૧(૪) નો** ભંગ બદલ તે કાયદાની **કલમ ૨૨(એ)** મુજબના ગુન્હા સંદર્ભે દોષિત ઠરાવવામાં આવે છે અને તેઓને પ્રત્યેક ભંગ બદલ રૂા.૫૦૦/– (અંકે રૂપિયા પાંચસો પુરા) તેમ કુલ મળીને રૂા.૨,૫૦૦/– (અંકે રૂપિયા બે હજાર પાંચસો પુરા) ના દંડની સજા કરવાનો હુકમ કરવામાં આવે છે. આરોપી વતી ઓથોરીટી આધારે હાજર રહેનાર વ્યકિત **શ્રી સંતોષકુમાર પ્રેમપ્રકાશ શર્મા** નાઓને ઉપરોકત બન્ને આરોપીની દંડની રકમ કુલ **રૂા.૫,૦૦૦/– (અંકે રૂપિયા બે હજાર પાંચસો પુરા)** દંડની ભરવાની સજા કરવામાં આવે છે.

(૨) આરોપીઓ વતી ઓથોરીટી આધારે હાજર રહેનાર વ્યકિત **સંતોષકુમાર પ્રેમપ્રકાશ શર્મા** દંડની રકમ ભરવાનો કસૂર કરે તો તેઓએ એક માસની સાદી કેદની સજા ભોગવવાની રહેશે.

(૩) આરોપીએ ભરેલ દંડની રકમ સરકારશ્રીમાં જમા કરવી.

આ હુકમ આજરોજ તા.૦૮/૦૨/૨૦૨૦ ના રોજ અત્રેની કોર્ટના સ્પેશ્યલ સીટીંગ દરમ્યાન વાંચી, સંભળાવી, સહી કરી જાહેર કરવામાં આવે છે.

તારીખ : ૦૮–૦૨–૨૦૨૦
સ્થળ : અમદાવાદ.

(નાગદાનભાઈ કે. ડાભી )
એડિશ્નલ ચીફ જ્યુડિશ્યલ મેજીસ્ટ્રેટ,
ન્યાયાધીશ (સિનિયર ડિવીઝન)
લેબર કોર્ટ, અમદાવાદ.
CODE : GJ01030